જનાનન્દ ટ્રેક્ટમાળા    ક્રમાંક ૪    કિંમત ૦-૦-૬

॥ ઓ૩મ્ ॥

# અવતાર

एकस्तथा सर्वभूतान्तरात्मा ।

न लिप्यते लोक दुःखेन बाह्यः ।



મહર્ષિ દયાનન્દ સરસ્વતી

: મૂળ લેખક :

ગંગાપ્રસાદ ઉપાધ્યાય, એમ. એ.

કાશક : મું. પ્ર. આ. પ્ર. સભા, આણંદ. સં. ૧૯૮૭

થમ આવૃત્તિ ]    [ પ્રત ૧૦૦૦

## નિવેદન —

સ્વામી ભજનાનંદ, પૂર્વાશ્રમના એકનાથજી યેવલાનિવાસીને આર્યો સારી રીતે પીછાણે છે; તેઓ અત્યારે ૮૦ વર્ષની ઉંમરે પહોંચ્યા છે, પરંતુ વૈદિકધર્મ પ્રત્યેની ધગસ એક યુવાન કરતાં પણ વિશેષ ધરાવે છે. તેમણે ૪૦ વર્ષ સુધી સમાજની સેવા કરી છે, પોતાની પુત્રીઓને જ્ઞાતિની બહાર પરણાવી જ્ઞાતિનો અભેદ્ય કિલ્લો તોડવાનું પ્રથમ માન તેમણે મેળવેલું છે. તેઓ સમાજના સિદ્ધાંતો પ્રત્યે એવો પ્રેમ ધરાવેછે કે આટલી ઉમ્મરે પણ સિદ્ધાંત પ્રચારનું કામ કર્યા સિવાય તેમને શાન્તિ મળતી નથી. શ્રી. ગંગાપ્રસાદ ઉપાધ્યાય તરફથી વૈદિક ટ્રેકટમાલા હીંદીમાં પ્રસિદ્ધ થએલી છે; આ અને આવાં ટ્રેકટોનો જો બ્હોળો ફેલાવો કરવામાં આવે તો સ્થાયિરૂપમાં સારો પ્રચાર થઇ શકે. એહેતુ ધ્યાનમાં લઇને તેમણે આવાં ટ્રેકટો મરાઠીમાં શ્રી. ગંગાપ્રસાદનાં ટ્રેકટોનો અનુવાદ કરાવી પ્રસિદ્ધ કર્યા છે. મરાઠીમાં આવાં ૧૬ ટ્રેકટો પ્રસિદ્ધ થઈ ચુકવાંછે અને હવે ગુજરાતીમાં એવાં ટ્રેકટો પ્રસિદ્ધ કરાવવા નિશ્ચય કર્યોછે. આ કાર્ય માટે એઓ પ્રતિનિધિનું કાર્યાલય શોધતા આણંદ આવી પહોંચ્યા અને તેમની ઇચ્છા અમોને પ્રદર્શિત કરી. પ્રતિનિધિસભાને તો દરેક વિભાગમાં કાર્ય કરનાર માણસ જોઇએ છીએ જેથી સ્વામીજીની આ અવૈતનિક સેવા ઘણા હર્ષથી સ્વીકારી છે. સ્વામીજીએ ટ્રેકટો પ્રસિદ્ધ કરવામાં ધનની સહાયતા કરવાનું સ્વીકાર્યું છે.

આવાં કાર્યને ઉત્તેજન મળે એવા હેતુથી સ્વામીજીની ઇચ્છા ન હોવા છતાં અમોએ આ ટ્રેકટમાળાનું નામ ભજનાનંદ ટ્રેકટમાળા રાખ્યું છે જેનું આ ૪થું પુષ્પ છે. આશા છે કે આર્યો તરફથી તેનો સારો સત્કાર થશે. આ જરાવસ્થાના કિનારે પહોંચેલા સાધુપુરુષે ઓછામાં ઓછાં આવાં સો ટ્રેકટો પ્રસિદ્ધ કર્યા સિવાય નહિ મરવાનો નિશ્ચય કર્યો છે. અમો આ વૃદ્ધ સંન્યાસીના ઉત્સાહ માટે તેમને અભિનંદન આપીએ છીએ અને સર્વ સમાજોના મંત્રી મહાશયોને વિનવીએ છીએ કે આવાં ટ્રેકટો તેઓ પોતાની સમાજમાં મંગાવી તેનો બહોળો ફેલાવો કરે.

આણંદ
તા. ૨૦ : ૧૦ : ૩૧

બાપુભાઇ કુ. પટેલ,
ઉપમંત્રી, પ્રતિનિધિ સભા

॥ ओ३म् ॥

# — અવતાર —

( અનુવાદક : શ્રી [illegible]. નાગરદાસ વાનપ્રસ્થ )

હિંદુ લોકો શ્રી. રામચંદ્રજી, અને શ્રીકૃષ્ણજીને ઇશ્વરના અવતાર માને છે. ખ્રિસ્તી લોકો હજરત ઇશુને ઈશ્વરનો અવતાર કહે છે. આવી રીતે બીજી જાતિઓમાં પણ જુદાજુદા ઇશ્વરના અવતારો માનવામાં આવે છે. મુસલમાન લોક ઇશ્વરના અવતારને માનતા નથી; પણ તે મહમ્મદ સાહેબને ઈશ્વરનો રસૂલ માને છે. કોઈ જાતિઓમાં ઇશ્વરના પુત્રો મનાય છે. જેમકે સિકન્દરને પણ લોક 'ઇશ્વરનો પુત્ર' કહેતા હતા.

હિંદુઓમાં કોઇ દસ અને કોઇ ચોવીસ અવતારને માને છે. શ્રી રામચંદ્રજીને બાર કળાનો અવતાર માને છે, અને શ્રીકૃષ્ણજીને સોળ કળાનો અર્થાત્ પૂર્ણ અવતાર માને છે. બીજા અવતારમાં પણ જુદીજુદી કળાઓ માનવામાં આવે છે.

આજકાલના કેટલાક ભણેલા વિદ્વાનો અવતારોથી વિકાસવાદ (ઇવોલ્યુશનથી) સિદ્ધ કરે છે. એ લોકોનું કહેવું એવું છે કે, કચ્છ, મત્સ્ય, વારાહ, નૃસિંહ વગેરે અવતારો વિકાસવાદની જુદીજુદી પરિસ્થિતિઓ છે. અર્થાત્ ઇશ્વરના અવતારોમાં તેવી રીતનો વિકાસ જોવામાં આવે છે, જેવી રીતે ડાર્વિન સાહેબે

દુનિયાની ઉત્પત્તિમાં બતાવેલું છે.

અવતારને સાબીત કરવામાં જે દલિલો આપવામાં આવે છે, તેથી માલુમ પડે છે કે, ઇશ્વરના અવતારના સંબંધમાં માણુસોના વિચારો નક્કી નથી. તેઓનું માત્ર એક પ્રયોજન આ છે કે, કોઇ પણુ રીતે 'અવતાર'નો સિદ્ધાંત ટકી રહે.

'અવતાર' શબ્દ अव् ઉપસર્ગ અને 'तृ' ધાતુથી બનેલો છે. એનો અર્થ 'ઉતરવું' અથવા 'નીચે આવવું' એવો થાય છે. 'ઇશ્વરાવતાર'નો અર્થ એવો લેવાય છે કે નિરાકાર ઇશ્વર શરીરમાં આવે છે; અર્થાત્ શરીર ધારણુ કરે છે. આ સંબંધમાં સાત પ્રશ્નો છે.

(૧) ઇશ્વર કેવો છે? (૨) શું ઇશ્વરનો ગુણુ બદલાય છે? (૩) આ ગુણો પર ધ્યાન આપતાં અવતારની શી જરૂર છે? (૪) અવતાર થવાનો સંભવ છે? (૫) જે રામ, કૃષ્ણાદિના અવતારો મનાય છે, તેમાંથી કોઇ એવી વાત મળે છે કે જે કારણુથી તેમને 'મનુષ્ય' ન માનીએ અને 'ઇશ્વર' માનીએ? (૬) ઇશ્વરનો અવતાર માનવાથી મનુષ્યના જીવન પર તેની શી અસર થાય? (૭) શું વેદોમાં રામ, કૃષ્ણાદિ અવતારોનાં વર્ણન છે?

(૧) ઇશ્વર કેવો છે? આ તો બધા માને છે કે ઇશ્વરે સંસાર બનાવ્યો. સૂર્ય અને ચંદ્રથી લઈને ન્હાનામાં ન્હાની વસ્તુને પણુ ઇશ્વર બનાવે છે, તેનું રક્ષણુ કરે છે, અને તેનો નાશ કરે છે. એમ વેદાન્ત દર્શનમાં

વ્યાસજી બતાવે છે. જેમકે—

**जन्माद्यस्य यतः । १ । १ । २**

અર્થાત્ જે સૃષ્ટિને બનાવે, પાળે અને નાશ કરે; તે ઇશ્વર. આથી માલૂમ પડે છે કે, ઇશ્વર સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અર્થાત્ નિરાકાર છે. જો સૂક્ષ્મ ન હોય તો સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વસ્તુને કેવી રીતે બનાવી શકે ? મ્હોટી વસ્તુ ન્હાની વસ્તુને બનાવી શકતી નથી. સોનાનાં અને ચાંદીનાં આભૂષણો મ્હોટી કુહાડીથી નથી બનાવાતાં. આભૂષણ જેમ ન્હાનું તેમ હથિયારો ન્હાનાં જોઈએ. મ્હોટી ચીજમાં ન્હાની ચીજ સમાઈ શકે છે; પણ ન્હાની ચીજમાં મ્હોટી ચીજ સમાઇ શકતી નથી. ઇશ્વરની બનાવટ દેખો! કેવી સૂક્ષ્મ છે? કીડી કરતાં ય કેટલાંયે ન્હાનાં જીવો છે, તેમનાં શરીરમાં સેંકડો અંગ–વિભાગો છે. એમને આપણે સૂક્ષ્મદર્શક યંત્રથી પણ જોઇ શકતા નથી. એ ચીજોનો બનાવનાર અને તેની સંભાળ રાખનાર બહુ જ સૂક્ષ્મ અર્થાત્ નિરાકાર હોવો જોઇએ. આથી ઇશ્વર નિરાકાર અને સર્વવ્યાપક છે. ન્હાનામાં ન્હાનાં પરમાણુની અંદર પણ એ રહેલો છે; ફુલોના રંગો તમોએ જોયા હશે! એમાં કેટલું બારીક કામ છે! રંગ કરનાર પોતાની ઝીણામાં ઝીણી પીંછીથી પણ એવા રંગ કરી શકતો નથી. કેવળ નિરાકાર અને સર્વવ્યાપક ઇશ્વર જ એવા રંગો પૂરી શકે છે. આથી એ વાત જણાય છે કે ઇશ્વર નિરાકાર છે, સર્વવ્યાપક છે, સર્વજ્ઞ છે, દરેક પદાર્થમાં રહેલો છે, અને સર્વશકિતમાન છે. કારણકે જો શક્તિ ન હોય તો કેવી રીતે બનાવી શકે?

(૨) શું ઈશ્વરનો ગુણ બદલાય છે? અર્થાત્ નિરાકાર ઈશ્વર શું સાકાર થઈ શકે છે? શું સર્વવ્યાપકમાંથી તે એક દહેરામાં રહેનાર બની શકે? સંસારમાં પદાર્થ માત્રની સ્થિતિ બદલાય છે, અને એ બદલાવાનું મુખ્ય કારણ ઈશ્વર જ છે. ક્યારેક કોઈ માણસ ઈશ્વરના નિયમાનુસાર તેમાં ફેરફાર કરે છે. ઉદા૦ જેમ લાકડામાંથી મેજનું રૂપ બને છે, તેમ ઇશ્વરમાં એવો ફેરફાર નથી થતો. જો ઈશ્વરમાં ફેરફાર થયા કરે તો ઈશ્વરમાં નિર્બળતા આવે, કારણ કે જે ચીજમાં ફેરફાર થાય છે તે બધી ચીજો નિર્બલ હોય છે, અને જો ઈશ્વરના ગુણોમાં ફેરફાર થયા કરે તો તે ઇશ્વર રહે જ નહિ, અને પછી સંસારનો કાર્યક્રમ ચાલે કેવી રીતે? જો ઇશ્વર નિરાકારમાંથી સાકાર થઇ જાય તો તેમાં સ્થૂલતા (એક દેશીપણું) આવી જાય અને તેમ થતાં તેની સર્વવ્યાપકતા નાશ પામે; કારણકે તે સૂક્ષ્મ વસ્તુમાં વ્યાપક તરીકે ન રહી શકે. વ્યાપકપણું ન રહે એથી એનું જ્ઞાન નાશ પામી જાય. આથી ઈશ્વરના ગુણોમાં કોઇ પણ વખત ફેરફાર થતો જ નથી. વારુ! હું એમ પૂછું છું કે ઇશ્વરના ગુણોમાં ફેરફાર થવામાં ઈશ્વર પોતે જ કારણ છે, કે કોઇ બીજા? જો ઇશ્વર પોતે જ પોતાના ફેરફારનું કારણ છે તો તેમાં કોઇ દોષ, ખામી અથવા અપૂર્ણતા હોવી જોઇએ! જેનામાં પૂર્ણતા છે તેમાં ફેરફાર નહિ થાય. જે પૂર્ણતા છે તે તો પૂર્ણ જ રહેશે, તેમાં વધઘટ કેમ થઈ શકે જ? શું પૂર્ણમાંથી તે અપૂર્ણ થશે? કોઇ દિવસ નહિ. એથી સાબિત થાય છે કે ઈશ્વરનામાં કોઇ

પણ એવી ખામી નથા; જેથી તેમાં ફેરફાર થઇ શકે. તો શું ઇશ્વરના ગુણોમાં ફેરફાર કરનાર શકિત, ઈશ્વર સિવાય કોઇ બહારની શકિત છે? ન જ હોય. કારણ કે એક પદાર્થને તે જ પદાર્થ બદલી શકે કે જે એ પદાર્થ કરતાં વધારે બલવાન હોય. ઈશ્વિરથી કોઇ બલવાન નથી; માટે તેને કોઈ બદલી–બદલાવી શકતું નથી.

કોઇ લોકો એમ માને છે કે ઇશ્વર સર્વશકિતમાન છે; માટે પોતેજ પોતાના ગુણોમાં ફેરફાર કરી બદલાવી શકે છે; પરંતુ એમ કહેનારા આ વિચાર નથી કરતા કે, ફેરફાર થનાર ચીજ વા પદાર્થ એટલે વિકારી વસ્તુ હોય તે કોઇ સમયે સર્વશક્તિમાન થઈ શકતી જ નથી. વિકાર થવો સર્વશક્તિમત્તાનું લક્ષણ નથી; પણ નિર્બળતા વા વિકારનું લક્ષણ છે. સબળ વસ્તુ નિર્બળ વસ્તુમાં ફેરફાર કરે–ઇશ્વર બીજી વસ્તુમાં ફેરફાર કરી શકે છે.

તે ઇશ્વર તો એક રસ, અખંડ, નિર્વિકાર અને પૂર્ણ છે, જે પદાર્થ વિકારી છે, તે આપોઆપ સારો યે થાય અને બગડી પણ જાય. ઇશ્વર એટલો સુંદર છે કે તેનાથી વધારે સુંદર આ સૃષ્ટિમાં કોઇ બીજો પદાર્થ છે જ નહિ, અને તેમાં કોઈ જાતની બુરાઇ આવી શકતી નથી. જે ઇશ્વર ઉન્નતિના ઉંચામાં ઉંચે સ્થાનકે છે; તેને પછી વધારે ઉન્નત સ્થાનક કયું જોઇએ! અપૂર્ણ પાત્ર હોય તેમાં ભરાય પણ પૂર્ણ પાત્રમાં શું ભરી શકાય!

(૩) ઇશ્વરના ગુણો ફેરફાર થયા સિવાય અવતાર બની શકે નહિ. આપણે ઉપર જોઇ ગયા છીએ કે, ઇશ્વરના ગુણોમાં ફેરફાર થતો નથી. એથી અવતાર પણ ઈશ્વરનો ન જ હોઈ શકે. સંસાર ઉત્પન્ન કરવો-પોષવો અને નાશ કરવો આ ત્રણે કામ ઇશ્વરના કોઇ જાતના ફેરફાર વગર નિરંતર ચાલી રહેલાં છે. તો પછી ઇશ્વરને જન્મ લેવાની જરૂર શું બાકી રહે છે? કોઇ લોકો એમ કહે છે કે, પાપીઓને મારવા અને ભકતોને પાળવા ઇશ્વર અવતાર લે છે. એમને પૂછવું જોઇએ કે શું તે એટલો શકિતમાન નથી; કે જન્મ લીધા વગર પાપીઓનો સંહાર કરી શકે, અને ભકતોની પાલના કરી શકે? કંસ અને રાવણને મારવા એ શું સૂર્ય અને ચંદ્રને બનાવવા કરતાં વધારે અઘરૂં-ભારે કામ હતું? એ કંસ અને રાવણને કોણે બનાવ્યા? શું ઈશ્વરે તેમને ન્હોતા બનાવ્યા? જ્યારે એવાઓને બનાવવા માટે અવતાર લેવાની જરૂર ન્હોતી પડી; તો પછી મારવાને માટે અવતાર લેવાની જરૂર પડશે? કારણકે મારવું-નાશ કરવો એ તો બનાવવા કરતાં સહેલું છે. આપણે ઘડીઆળ બનાવી શકતા નથી, પણ તોડી તો શકીએ છીએ જ. તો પછી કહો તો ખરા, કે આજ-કાલ શું ઈશ્વર દુષ્ટોને મારતા નથી? અને એમ બને તો પછી દુષ્ટો તો અમર થઈ જાય.

કોઈ માણસો એમ કહે છે કે, ઈશ્વર તો ભકતાધીન છે. ભકતો જે રૂપમાં તેનાં દર્શન કરવાની ઈચ્છા કરે

તે રૂપમાં ઇશ્વર તેમને દર્શન આપે છે; પણ આ તો મોટી ભૂલ છે. ઇશ્વરના નિયમ પ્રમાણે ચાલવું તેનું નામ સાચી 'ભકિત' છે. ઈશ્વરને નાચ નચાવવાની ઈચ્છા એ ભકિત ન કહેવાય!! ભકત–સેવક તો તેનું નામ કે જે માલિક–શેઠના કહ્યા પ્રમાણે ચાલે, જે શેઠને પોતાના કહેવા પ્રમાણે ચાલવાનું કહે તે સેવક નથી. એથી ઇશ્વરને અવતાર લેવાની જરૂર પડતી નથી.

(૪) તે ઈશ્વર અવતાર લેઇ પણ નથી શકતા. આપણે એમ કહીએ કે, "તે અવતાર લેઇ શકે છે." એમ કહેવામાં ઇશ્વરનું અપમાન છે. ઇશ્વર કૌશલ્યા અથવા દેવકીના ગર્ભમાં પહેલેથી હતા જ. કારણકે તે સર્વવ્યાપ્ય હતા, અને તે હંમેશાં વ્યાપક રહેલા જ છે. છતાં એમ કહેવું કે તે ગર્ભમાં આવ્યા અને ત્યાંથી બહાર આવ્યા વગેરે. એ બધી ખોટી વાતો છે.

કોઇ લોકો એમ સમજે છે કે કોઇ એવું કામ નથી કે જે કામ ઇશ્વર ન કરી શકે, તે તો સર્વશકિતમાન છે; પરંતુ તે એમ નથી જાણતા કે ઘણી ય બાબતો કરવામાં નિર્બલતા છે, બળ નથી. હું કહું છું કે "ઇશ્વર નિર્બળ થઈ શકતો નથી." આવું કહેવું એ કોણ ખોટું કહી શકે? અને એમ કહેવામાં પાપ પણ શું છે? સર્વશકિતમાનનો અર્થ એવો છે કે, "**જેટલા પ્રકારની શક્તિઓ છે તે બધી ઇશ્વરમાં છે.**" સર્વશકિતમાનનો અર્થ બધા કાર્ય કરવાની શકિતવાળો નથી. જ્યારે ઇશ્વરે રામ અને કૃષ્ણનાં શરીર ધારણ

કર્યાં હતાં ત્યારે એ શરીરોથી બહાર બીજાં સ્થાનોમાં ઉત્પત્તિ અને નાશ કોણ કરતું હશે?

(૫) જરૂર! રામ અને કૃષ્ણ મહાપુરુષો હતા; તેઓમાં અસાધારણ ચાતુર્ય અને શક્તિ હતાં. પરંતુ એમાં કોઇ એવો ગુણ નથી જણાતો કે જેથી તે બંને ઈશ્વર હતા, એમ સાબીત કરી શકાય. યોગદર્શનમાં તો કહેલું છે કે "**क्लेशकर्म विपाकाशयै रपरामृष्टः पुरुष विशेष ईश्वरः ॥**"

અર્થાત્ ઈશ્વરમાં ક્લેશ અને કર્મોનાં ફળો ભોગવાં સંભવતું નથી. રામ અને કૃષ્ણના જીવનમાં ઉત્તમ મનુષ્યોના ગુણો મળી આવે છે. જેમકે—ધર્મભાવ, વીરતા, વગેરે. પરંતુ તેમણે એક કીડીને પણ બનાવી હોય, એવું જણાયું નથી. એમણે કોઈ નવો સંસાર બનાવ્યો નથી, બીજા સર્વ મનુષ્યો કરે છે તેમ તેઓ ખાતા હતા, પાણી પીતા હતા, સૂતા હતા, ભણતા હતા, વિવાહ કરેલો, યુદ્ધમાં શસ્ત્રો વાપરતા; આ બધાં લક્ષણો મનુષ્યનાં જ છે, ઈશ્વરના નથી.

રામચંદ્ર મહારાજે જ્યારે સીતાનું હરણ થયું ત્યારે વિલાપ કર્યો હતો; તો તેમનામાં એવી કઇ બાબત 'ઈશ્વર'પણાની હતી?

કોઇ લોકો એમ કહે છે કે તે ઇશ્વર નહોતા. પણ 'માનવલીલા' કરી બતાવતા હતા, આ પણ ભૂલ જ છે. શું ઇશ્વર માનવલીલા કરવાને માટે ખાસ અવતાર લે છે? માનવલીલા કરવા માટે તો માનવો છે જ. સંસારના

બધા માણસો 'લીલા' કરી રહેલા છે. અને જ્યારે આપજ આપના મોંઢાથી કહો છો કે તે મનુષ્યલીલા કરતા હતા; તો આપ માનો છો જ કે તેમનામાં માણસ કરતાં વધારે ઈશ્વરના કોઈ ગુણ જોવામાં આવતા નહોતા. તો પછી તે 'ઈશ્વર' કહેવાય કેવી રીતે?

કોઇ માણસો રામચંદ્રજીએ ચાંદો જોઈ તે રમવા માટે માગ્યો તે, થન થન કરતા ચાલતા હતા તે, ધનુષ્ય અને બાણ લેતા હતા તે, તથા કૃષ્ણ મહારાજ માખણ-ચોર હતા તે, મોરલી સુંદર વગાડતા તે, અને એવી બીજી વાતો ઉપર બહુ જ ખુશી થઇ જાય છે. અને ખોટો પ્રેમ બતાવે છે! એમ માને છે કે, એ પ્રેમ બતાવવામાં જ ઈશ્વરની ઉપાસના અને ઈશ્વરનું ભજન છે.

ખ્રિસ્તી લોકો પણ 'ઈશુ'ની બાબતમાં એવી જ વાતો માને છે. જેમકે—શૂળી-ક્રોસ ઉપર ચઢવું, વગેરે પરંતુ એ ભોળા ભાઇઓએ વિચાર કરવો જોઈએ, કે આવાં બધાં કર્મો મનુષ્યોને માટે સાધારણ કામો છે. એમાં એમના ઈશ્વરપણાની વાતો ક્યાં છે? બધાં બાલકો થન થન કરતાં ચાલે છે. કોઈ ચાલાક બાલક માખણની ચોરી કરી શકે છે. શૂળી ઉપર તો માણસોને જ ચઢાવવામાં આવે છે, ઇશ્વરને કોઇ શૂળી ઉપર ચઢાવતું નથી. આથી એમનું ઈશ્વરપણું સાબીત થતું નથી.

( ૬ ) રામ, કૃષ્ણાદિને ઈશ્વર માનવાથી હિંદુ જનતા ઉપર આચાર-વ્યવહારની બહુ જ ખરાબ અસર થઇ છે. પ્રથમ તો તે ઇશ્વરની ઉપાસના નથી કરતા,

અને મૂર્તિની ઉપાસના કરતા થઇ ગયા છે. માત્ર રામ રામ, સીતારામ કે રાધાકૃષ્ણના નામનો જપ કરવાથી જ ઇશ્વરની પૂજા થઇ એમ સમજે છે. બીજું એ રામ, કૃષ્ણના જીવનનું અનુકરણ નથી કરતા. તેઓ એમ માને છે કે રામ અને કૃષ્ણ તો ઇશ્વર હતા, તેમના જેવું જીવન અમો સાધારણ માણસો કરી શકીએ નહિ. આ જ કારણથી હિંદુ પ્રજા નીચે પડતી જાય છે, અને એનામાં એવી નિર્બળતા આવી ગઇ છે કે તેઓ પોતાનાં દુઃખો દૂર કરવાના ઉપાય માટે ઇશ્વરના અવતારની આશા રાખી બેસે છે. તેઓ એમ સમજે છે કે જ્યારે ઇશ્વર અવતાર લેશે ત્યારે અમારાં દુઃખો દૂર કરી નાખશે.

હિંદુ પ્રજાને આ વિશ્વાસ નથી, કે જો આપણે અત્યારે પુરુષાર્થ કરીએ, તો ઇશ્વર તેમાં સહાયતા કરશે. કોઇ તો 'મૈત્રેયિ'ના અવતારની આશા રાખી તે તરફ આંખો ફાડીને બેઠા છે, કોઈ નકલંકી અવતારની ઝંખના કરી રહેલા છે. જો તેમનામાં વિશ્વાસ ઉત્પન્ન થાય કે રામ અને કૃષ્ણ માણસો જ હતા, અને તેમણે ઉત્તમ પુરુષાર્થ કર્યો હતો. તો તે જોઇને પોતે પણ પુરુષાર્થી સ્વભાવવાળા થાય.

(૭) હવે પ્રશ્ન આ રહ્યો કે વેદોમાં રામ અને કૃષ્ણના અવતારોનું વર્ણન છે કે નહિ? આમાં સંદેહ નથી, કે રામ અને કૃષ્ણ વગેરે વેદોમાં ઘણી જગ્યાએ આવેલા છે. પણ વેદોમાં રામ અને કૃષ્ણના અવતારોની વાતો કોઈ સ્થળે પણ આવતી નથી. અને એવું બને

પણ કઈ રીતે? રામ તો થયા ત્રેતાયુગમાં, અને શ્રીકૃષ્ણ થયા દ્વાપરયુગના અંતમાં. વેદ તો સૃષ્ટિની પહેલાના ચાલ્યા આવે છે, જેને આજે સેંકડો ચતુર્યુગી થઇ ગઇ. રામ અને કૃષ્ણના બાપદાદાઓ પણ વેદ ભણતા, અને વેદને માનતા હતા. વેદોમાં કોઈ સ્થળે દશરથના દીકરા રામચંદ્ર કે વસુદેવના વત્સ શ્રીકૃષ્ણચંદ્રનાં જીવનની વાતો આવતી નથી. જે માણસો માત્ર કેવળ શબ્દ જોઇને લેભાગુ બને, અને કહે કે જુઓ! વેદોમાંથી અવતારવાદ સાબીત થાય છે, તેઓ પોતાને અને બીજાઓને છેતરી રહેલા છે. તેમણે જાણવું જોઇએ કે દશરથે અને વસુદેવે પોતાના પુત્રોનાં નામ નવા બનાવ્યાં નહોતાં. પણ જે વ્યવહારમાં બોલાતા શબ્દો હતા, તેમાંથી તે નામો લીધાં હતાં. જેમ આજકાલ માતાપિતાઓ પણ કરે છે. મોહન નામ બહુ જ જુના વખતનું છે. અને તેનો અર્થ 'લોભાવનારો' અથવા 'મોહ ઉપજાવે' તેવો થાય છે. હવે કોઈનું નામ મોહન હોય અને તે કોઇ જુના શબ્દકોષમાંથી મોહન નામ આવે, ત્યારે એમ કહેવા લાગે, કે અમુક પુસ્તકમાં મારૂં વર્ણન છે, તો એ એની ચોકખી મૂર્ખતા કહેવાશે. એવીજ રીતે રામ અને કૃષ્ણ વગેરેના નામોની વાતો છે. સંસારમાં જે જે મનુષ્યોનાં નામો સંસ્કૃત ભાષાના શબ્દોમાંના હોય, તેમનાં નામો જરૂર કોઇને કોઇ રીતે વેદોમાં મળશે; પરંતુ એમ કહેવાથી વેદોમાં એ માણસનું વર્ણન છે એમ કહી શકાય નહિ. વેદના કોઈ મંત્રથી એવું સિદ્ધ થતું નથી, કે અયોધ્યાના

રાજા દશરથને ઘેર ઇશ્વરે અવતાર લીધો, અને તેનું નામ રામ પાડયું. તેમણે જનકની પુત્રી સીતા સાથે વિવાહ કર્યો, અને રાવણને માર્યો.

સાયણાચાર્ય વગેરે જુના વખતના કે મધ્યકાળના ભાષ્યકારોએ પણ એ વાત સ્વીકારી નથી. હા. આજ-કાલના કેટલાક પંડિતો અવતારવાદ સિદ્ધ કરવાને માટે જ કોઇ કોઈ મંત્રોને મારી-મચરડીને એવા અર્થ કરવાના પ્રયત્ન કરે છે; પણ તેમને તેવી ખેંચતાણ કર-વાથી કોઈ જાતની સફળતા મળતી નથી. સફળતા મળે કેવી રીતે? અમો એક મંત્ર નીચે આપીએ છીએ, જેમાં 'રામ' શબ્દ આવ્યો છે.

**भद्रोभद्रया सचमान आगात्स्वसारं जारो अभ्येति पश्चात्। सुप्रेकेतैर्द्युभिरग्निर्वितिष्ठान्नुशद्भिर्वर्णै रभि राम मस्थात्॥**

સામવેદ ઉત્તરાચિક : ૧૨ અધ્યાય, ૫ ખંડ, ૩ મંત્ર.

ઉપરના મંત્રમાં 'રામ' શબ્દ આવ્યો છે. સાયણા-ચાર્યે એનો અર્થ "**राम कृष्णं शार्वरं तमः**" "રામ એટલે રાત્રિનું કાળું અંધારૂં" એમ કરેલો છે. આથી જણાય છે કે સાયણના સમયમાં પણ કોઇ એમ નહોતું માનતું કે વેદોમાં ઇશ્વરના અવતાર લખ્યા છે.

આમ બનવા સંભવ છે કે લોકો પહેલાંના વખતમાં રામને 'રાજા'ના અર્થમાં ઈશ્વર કહેતા હોય! કારણકે ઈશ્વરનો અર્થ રાજા પણ થાય છે, અને 'પરમાત્મા' પણ થાય છે.

પ્રશ્ન—'ઇશ્વર' શબ્દ એકલો રાજાના અર્થમાં કોઇ વખત વપરાતો નથી, કેવળ સામાસિક શબ્દમાં આવે છે.

ઉત્તર—તદ્દન ખોટું, તમે વાંચ્યું નથી. દેખો પ્રમાણ આપું.

**अपि त्वामीश्वरं प्राप्य, कामवृत्तं निरंकुशम् ।**
**न विनश्येद् पुरी लंका, त्वयासह क्षराक्षसा ॥**

વાલ્મીકિ રામાયણનો આ શ્લોક છે. મારીચ રાવણને કહે છે કે કયાંય એવું ન થાય કે તારા જેવા નિરંકુશ અને કામી રાજાને મેળવીને લંકા અને રાક્ષસો તારી સાથે જ નાશ પામે!!

બીજું ઉદાહરણ સાંભળો:—

**ईश्वरस्य निशाटानां विलोक्य निखिलां पुरीं कुशलोऽन्वेषणस्याऽहमायुक्तो दूत कर्मणि ॥**

ભટ્ટી કાવ્ય : સર્ગ ૮, શ્લોક ૧૧

અર્થ—હનુમાન કહે છે કે હું નિશાચરોના સ્વા[illegible] રાવણની આખી લંકાને જોઈ સીતાની તપાસ મા[illegible] કર્મ કરનારો છું.

આ બેય શ્લોકમાં સમાસ નથી, છતાં ઇ[illegible] રાજા માટે વપરાયો છે. બનવાજોગ છે કે રા[illegible] વખતમાં ઈશ્વર શબ્દથી બોલાવતા હોય!! જ્યા વગર લોકો રામને પરમાત્મા માન[illegible]

વસ્તુતઃ રામ અને કૃષ્ણ બંને [illegible] હતા. તેઓ સંધ્યા કરતા, એવું વર્ણ[illegible] માણસોએ એમના સંબંધમાં ધા[illegible] બનાવી દીધી. તેમની મૂર્તિ બના[illegible]

અને તેમના નામે જે મળતું તેને પોતાની આજીવિ
બનાવી. આ શરમાવા જેવું કામ છે!!!

ઈશ્વર તો અવતાર લે જ નહિ. માત્ર જીવ અવત
લે. કીડી, હાથી, કુતરો, બિલાડી, માણસ આ બ
જીવોના અવતાર છે; કેમકે જીવ નિર્બળ છે તેને પોતા
કર્મો માટે શરીરની જરૂરત છે. માટે જીવ જ્યાં સુ
પોતાની મુક્તિ ન થાય, ત્યાં સુધી અવતારો લી
કરે છે. જીવોનાં કર્મો જેટલાં ખરાબ હોય તેટલાં પ્રમા-
ણમાં તેનો નીચો અવતાર થાય છે; કારણકે અવતારનો
અર્થ જ એ છે કે, "ઉતરવું નીચે પડવું." અભૌકિતક
ચેતન જીવ જ્યારે જડ શરીરમાં ઉતરે છે, ત્યારે એને
જીવોનો અવતાર કહે છે. પરંતુ જીવોનો આવો અવતાર
ઉપાસના કરવા યોગ્ય નથી; ઉપાસના માટે તો પરમા-
મા જ યોગ્ય છે. અને તે નિરાકાર અને નિર્વિકાર છે.
ર અજન્મા છે, એ માટે વેદોમાં ઈશ્વરને 'अज एकपात'
છે. તે પરમાત્માની ઉપાસના કરવી જોઈએ. રા
બંને ઐતિહાસિક મહાપુરુષો હતા, માટે તેમ
બર સમજમાં ઉતારી આપણે આપણું જીવ
કરવાને પ્રયત્ન કરવો જોઈએ; પણ તેમ
તેમને ઈશ્વરના સ્થાને પૂજો નહિ, કારણ
બીજાની પૂજા કરવી એ પાપ છે.

---

ર્ય પ્રકાશ' પ્રેસ, સ્ટેશન રોડ, આણંદમાં
આર્યપ્રતિનિધિ સભા માટે છાપ્યું;
સિદ્ધ કર્યું. તા ૨૦:૧૦:૩૧